ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણાં અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની કુલ-૦૭ જગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/EOD/e-file/17/2023/0724/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૧/૬૧૫૦૪/છ.૧ તા.૦૧/૦૬/૨૦૨૧નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૩/૦૩/૨૦૨૩નો ઠરાવ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૯/૦૨/૨૦૨૪નો ઠરાવ.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૧૨/૧૨/૨૦૨૪નો પત્ર નં.DSD/0110/12/2024.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૧/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૧/૬૧૫૦૪/છ.૧થી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વિવિધ સંવર્ગની કુલ-૦૭ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી લેવા માટે રૂ.૯.૬૦ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૦૭ આઉટસોર્સથી સેવાઓ લેવા જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ અગાઉ આ ૦૭ હંગામી જગ્યાઓની મુદ્દત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૩ના સરખા ક્રમાંકના ઠરાવથી તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ના સરખા ક્રમાંકના ઠરાવથી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધી વધારી આપવામાં આવેલ હતી. આ ૦૭ આઉટસોર્સની જગ્યાઓની મુદ્દત વધુ ૧૧ માસ માટે તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૪) પરના તા.૧૨/૧૨/૨૦૨૪ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં.૧ થી ૪ની કુલ-૦૭(સાત) આઉટસોર્સની જગાઓને તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ટકની વિગતે તથા આ જગ્યાઓની સેવાઓ હાલમાં ભરાયેલ હોવાની શરતે નીચે મુજબની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સખ્યા | પગારધોરણ |
|---|---|---|---|
| ૧ | કલાર્ક | ૦૩ | રૂ.૧૨,૦૦૦/- પ્રતિ માસ |
| ૨ | સ્ટેનોગ્રાફર | ૦૧ | રૂ.૧૫,૦૦૦/- પ્રતિ માસ |
| ૩ | પટાવાળા | ૦૨ | રૂ.૧૦,૦૦૦/- પ્રતિ માસ |
| ૪ | સફાઇ કામદાર | ૦૧ | રૂ.૯,૦૦૦/- પ્રતિ માસ |

**શરતો:-**

1. આઉટસોર્સથી સેવા મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્યવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
2. આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે.
4. નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાની રહેશે.
5. માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે નિયામકશ્રી સમાજ સુરક્ષાએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની

જવાબદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાની રહેશે.

6. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
7. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
8. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
9. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
10. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
11. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
12. આ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાની મુદ્દત લંબાવવાની દરખાસ્ત મુદ્દત પુરી થતાં પહેલાના ૩ (ત્રણ) માસ અગાઉ વિભાગને રજૂ કરી વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની કચેરી, ૬ઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ